હરિ નજર - ખરી નજર

પહેલાં પેટ્રોલની ગાડી વાપરતો હતો, પેટ્રોલ મોંઘું થયું એટલે સીએનજી ગાડી લીધી અને સીએનજી મોંઘું થતાં ડિઝલ ગાડી લાવ્યો. પણ હવે એમાંય ભાવ વધતાં હવે આ પપ્પાનું બાઈક કાઢયું છે !

ગુજરાત રાજયના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીની સોમવારે ૬૩મી વર્ષગાંઠ છે. અનેક તરફથી એમને અભિનંદનો પ્રાપ્ત થઈ રહ્યા છે, શુભેચ્છાઓ પણ પ્રાપ્ત થઈ રહી છે. ગાંધીનગરના જાણીતા સ્કલ્પ્ચર આર્ટીસ્ટ હરિન ભટ્ટે પોતાના અનોખા અંદાજમાં મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીને શુભકામનાઓ પાઠવી છે. મોદીજીનું એક સુંદર સ્કલ્પચર તેમણે તૈયાર કર્યું છે અને તે દ્વારા મુખ્યમંત્રી તરફ શુભેચ્છાની લાગણી તેમણે વહાવી છે.

શ્રી ભુવનેશ્વર મહાદેવ યુવક મંડળ દ્વારા સાર્વજનિક ગણેશ મહોત્સવનું આયોજન

નિત્ય સવારે ૮ કલાકે અને રાત્રે ૮.૩૦ કલાકે આરતી તથા રાત્રે ૯ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા. ૧૬

શ્રી ભુવનેશ્વર મહાદેવ યુવક મંડળ દ્વારા સાર્વજનિક ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

શ્રી ભુવનેશ્વર મહાદેવ મંદિર, સેક્ટર-૬ ડી ખાતે આગામી તા. ૧૯થી ૨૯ સપ્ટેમ્બર દરમ્યાન આ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં નિત્ય આરતી અને સાંસ્કૃતિક કાર્યક્રમો આયોજિત કરવામાં આવ્યા છે.

મહોત્સવના આરંભે તા. ૧૯ના રોજ ગણેશજીની શોભાયાત્રા બપોરે બે કલાકે શીતલભાઈ પટેલના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૦૭૯/૨, સેક્ટર-૬ સી ખાતેથી નીકળી ભુવનેશ્વર મહાદેવ મંદિરે પહોંચશે. એ પછી નિત્ય સવારે ૮ કલાકે અને રાત્રે ૮.૩૦ કલાકે આરતી તથા રાત્રે ૯ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

તા. ૧૯ના રોજ રાત્રે મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્યથી સાંસ્કૃતિક કાર્યક્રમોના ક્રમનો આરંભ કરવામાં આવશે. તા. ૨૦ના રોજ આર્ટ ઑફ લિવીંગ પરિવાર તરફથી ભવ્ય સત્સંગ; તા. ૨૧ના રોજ દીપમાળા આરતી; તા. ૨૨ના રોજ લોક ડાયરાનું આયોજન કરાયું છે, જેમાં હાસ્યના બેતાજ બાદશાહ સુખદેવ ધામેલીયા, ભજન સમ્રાટ પરેશ વડીયા તથા ધર્મિષ્ઠાબેન ગોહિલ સંગત જમાવશે. આ કાર્યક્રમમાં ભુવનેશ્વરી પીઠ, ગોંડલના ડૉ. રવિદર્શનજી મહારાજ તથા પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ચેરમેન મહેન્દ્રભાઈ ત્રિવેદી ઉપસ્થિત રહેશે.

તા. ૨૩ના રોજ ભજન મંડળી ગાંધીનગર દ્વારા ભજનોનો કાર્યક્રમ; તા. ૨૪ના રોજ જાદુ સમ્રાટ નિલેષનો જાદુનો કાર્યક્રમ; તા. ૨૫ના રોજ મનોજભાઈ પુજારી દ્વારા સુંદરકાંડ, તા. ૨૬ના રોજ આનંદનો ગરબો, તા. ૨૭ના રોજ સમૂહ આરતી તથા રમતોત્સવ, તા. ૨૮ના રોજ સાહિલ બિટ્સ ઑરકેસ્ટ્રાના સંગે રાસ-ગરબાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૨૯ના રોજ સવારે ૮ કલાકે આયોજિત એક વિશેષ કાર્યક્રમ અંતર્ગત એક હજાર આઠ ચુરમાના લાડુથી યજ્ઞમાં આહૂતિ આપવામાં આવશે. બીજું હોમવાનો સમય બપોરે ૩-૩૦ નિયત કરવામાં આવ્યો છે. એ પછી ૪ વાગ્યે ગણેશ વિસર્જન કરવામાં આવશે.

ગણેશ મહોત્સવ નિમિત્તે આયોજિત આ સઘળા ધાર્મિક તથા સાંસ્કૃતિક કાર્યક્રમોમાં પધારવા શ્રી ભુવનેશ્વર મહાદેવ યુવક મંડળ તરફથી સૌ ભાવિકો-રસિકોનો આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

શ્રી સોમનાથ મહાદેવના સાંનિધ્યમાં ૧૯થી ૨૩ દરમ્યાન શ્રી ગણેશ મહોત્સવ

ગાંધીનગર, તા. ૧૬

શ્રી ગણેશ મહોત્સવ સમિતિ તથા શ્રી સોમનાથ મહાદેવ મંદિર સમિતિ દ્વારા તા. ૧૯થી ૨૩ સપ્ટેમ્બર દરમ્યાન શ્રી ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

સેક્ટર-૧૬ ખાતે સ્થિત શ્રી સોમનાથ મહાદેવના સાંનિધ્યમાં આ મહોત્સવ ઉજવવામાં આવશે. જેના આરંભે તા. ૧૯ના રોજ સવારે ૮.૩૦ કલાકે શ્રી વિક્રાંત પુરોહિત અને શ્રી મિલીન્દ વી. પુરોહિતના નિવાસ સ્થાન, પ્લૉટ નં. ૧૩૨૩/એ-૧, સેક્ટર-૭ ડી ખાતેથી શોભા યાત્રા આયોજિત કરવામાં આવી છે. આ શોભા યાત્રા ચ-૩થી ઘ-૩ થઈ નાગરિક બેન્ક પાસે થઈ સોમનાથ મહાદેવ મંદિર ખાતે પહોંચશે. ત્યારબાદ સવારે ૧૦ કલાકે સ્થાપના પૂજન સવારે ૧૦ કલાકે અને સાયં આરતી રાત્રે ૮-૩૦ કલાકે કરવામાં આવશે. નિત્ય રાત્રે ૯ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૯ના રોજ ડાન્સ અને સંગીતનો રંગારંગ કાર્યક્રમ; તા. ૨૦ના રોજ ગુજરાતના નામી કલાકારો દ્વારા સંતવાણી;, તા. ૨૧ના રોજ રિધમ ગ્રૂપ દ્વારા મ્યુઝીકલ નાઈટ અને તા. ૨૨ના રોજ ગુજરાતના સુપ્રસિદ્ધ કલાકારો દ્વારા ડાયરાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

તા. ૨૩ના રોજ પ્રાતઃ પૂજા અને આરતી સવારે ૯ કલાકે તથા હલદી કુમ-કુમ પૂજા ૧૧થી ૨ દરમ્યાન આયોજિત કરવામાં આવી છે. ત્યારબાદ બપોરે ૪ કલાકે ગણપતિ વિસર્જન કરવામાં આવશે.

શ્રી ગણેશ મહોત્સવ નિમિત્તે આયોજિત આ સઘળા ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લેવા સર્વ ધાર્મિક-રસિક જનોને આયોજક સમિતિઓ તરફથી આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ચૌધરી મહિલા આર્ટસ કોલેજની બહેનોનો મહિલા ઓપન ખેલકૂદ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર જિલ્લા રમત ગમત અધિકારી અને રમત ગમત યુવા અને સાંસ્કૃતિક સ્પર્ધાઓ દ્વારા આયોજિત ગાંધીનગર જિલ્લા મહિલા ઓપન ખેલકૂદ (એથ્લેટીકસ) સ્પર્ધાઓ તા. ૧૦-૯-૨૦૧૨ના રોજ મ.દે.શા.શિ. મહાવિદ્યાલય, સાદરા ખાતે યોજાઈ જેમાં શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજની બહેનો ૧૦૦ મી.દોડમાં, ૨૦૦ મી. દોડમાં અને ૧૦૦ મી. વિઘ્ન દોડમાં ચૌધરી આશા એફ. પ્રથમ ક્રમે આવી અને બરછી ફેંકમાં ચૌધરી આશા જે. દ્વિતિય ક્રમે અને લાંબી કૂદમાં શાહુ રમીલા બી. ત્રીજા ક્રમે આવી કોલેજને ગૌરવ અપાવેલ છે. કોલેજના આચાર્યા ડૉ. ઉર્મિલાબેન ચૌધરી, કોલેજના શા.શિક્ષણના પ્રાધ્યાપક વિનોદભાઈ ચૌધરી તથા સમગ્ર કોલેજ પરિવારે આ ત્રણેય બહેનોને ખુબ અભિનંદન પાઠવ્યા છે.

પર્યુષણ વ્યાખ્યાન માળામાં ૧૮મીએ ડૉ. મહેબૂબ દેસાઈ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુંબઈ દ્વારા છેલ્લાં ૬૫ વર્ષોથી પર્યુષણ માસમાં આઠ દિવસની વ્યાખ્યાન માળામાં ગુજરાતનતા જુદા જુદા ધર્મ તજ્જ્ઞોનાં ૧૬ જેટલાં વ્યાખ્યાનો યોજાય છે. જે અંતર્ગત પાટકર હૉલમાં ૧૮ સપ્ટેમ્બરે સવારે ૯.૩૦ કલાકે મ.કૃ.ભાવનગર વિશ્વ વિદ્યાલયના પ્રોફેસર અને અધ્યક્ષ ડૉ. મહેબૂબ દેસાઈનું 'ઈસ્લામ, ઇબાદત અને ઈન્સાનિયત' વિષયક વ્યાખ્યાન યોજાશે.

સંસ્કૃતિને મહેંકાવવી આપણી પરંપરા છે સાંસ્કૃતિક પ્રવૃત્તિ મંત્રી ફકીરભાઈ વાઘેલા

ભારતીય સિંધુ સમાજ ગુજરાતની વંદેમાતરમ્ દેશભક્તિ ગીત સ્પર્ધા યોજાઈ

અમદાવાદ, તા. ૧૬

રાજય સરકારના યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ અને ભારતીય સિંધુ ગુજરાત પ્રાંત આયોજિત વંદેમાતરમ્ દેશભક્તિ ગીત સ્પર્ધામાં ૩૫૮ સ્પર્ધકોએ દેશદાઝ ભર્યો સાંસ્કૃતિક કાર્યક્રમ જયશંકર સુંદરી હોલ ખાતે મનાવ્યો હતો. આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં અધ્યક્ષીય પ્રવચનમાં યુવા-સાંસ્કૃતિક પ્રવૃત્તિ મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલાએ જણાવ્યું હતું કે,પોતાની સંસ્કૃતિને જાળવીને મહેંકાવવી આપણી પરંપરા છે. રાષ્ટ્રીયપર્વો સિવાય વંદેમાતરમ્ દેશભક્તિ ગીત સ્પર્ધા દ્વારા ભાવીપેઢીમાં દેશપ્રેમ જીવંત રાખવાનું ગૌરવ આવા કાર્યક્રમો દ્વારા થાય છે.

સિંધી સમાજ દ્વારા સ્વામી વિવેકાનંદના જીવનકવનને કલાકારો દ્વારા આ કાર્યક્રમમાં સુપેરે રજૂ કરાતા મંત્રીશ્રીએ આ અંગે ઉમેર્યું હતું કે, રાજય સરકાર દ્વારા સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે યોજાયેલી યુવાવિકાસ યાત્રા અને યુવા પરિષદના માધ્યમથી યુવાધનને દેશદાઝથી માહિતગાર કરે છે ટીવી ચેનલો દ્વારા પાશ્ચાત્ય સંસ્કૃતિ લોકોના ઘરમાં પ્રવેશી છે એવા સમયે ભારતીય સંસ્કૃતિની સંચેતના આ કાર્યક્રમો દ્વારા જીવંત બને છે. સમગ્ર ગુજરાતમાંથી ૬ ઝોનના કુલ ૩૫૮ સ્પર્ધકો દ્વારા દેશ ભક્તિના ગીતો, નાટક અને વેશભૂષાના આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં સિંધી સમાજના સર્વશ્રી રાધાકૃષ્ણ ભાગીયા, પ્રેમચંદ લાલવાણી, ગુજરાત પ્રાંત પ્રમુખશ્રી ગૌતમ સમ્રાટ, ગોપાલ ભોજવાણી, સુનીલ વાઘવાની, નિર્મલા વાઘવાની ઉપરાંત વિશાળ જનમેદનીએ કાર્યક્રમને રંગારંગથી માણ્યો હતો.

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વિશ્વ ઓઝોન દિને વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

વકતૃત્વ સ્પર્ધામાં સેંટ ઝેવિયર્સ સ્કૂલનો નિનાદ ઠકકર પ્રથમ

ગાંધીનગર, તા.૧૬

નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર અને ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના ઉપક્રમે તા. ૧૬મી સપ્ટેમ્બરે વિશ્વ ઓઝોન દિન નિમિત્તે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. નગરની શાળાઓના ૫૦ વિદ્યાર્થીઓએ સમગ્ર સ્પર્ધામાં ભાગ લીધો હતો.

ગાંધીનગરની સાયન્સ કલબના તેમજ સન્ડે સાયન્સ કલબના વિદ્યાર્થીઓએ વિશ્વ ઓઝોન દિન નિમિત્તે યોજાયેલી વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લીધો હતો. ૫૦ વિદ્યાર્થીઓએ આપણી પૃથ્વીના વાતાવરણને ભાવિ પેઢી માટે સુરક્ષિત રાખીએ વિષય અંતર્ગત વકતૃત્વ આપ્યું હતું. વિદ્યાર્થીઓએ પોતાની વકતૃત્વ કલાશકિત સાથે ખૂબ જ સુંદર મુદ્દાસર અને વૈવિધ્યસભર માહિતી સાથે વકતવ્ય આપ્યું હતું. સૌથી વધારે આકર્ષક અને મુદ્દાસર વકતૃત્વ સેંટ ઝેવિયર્સ સ્કૂલના નિનાદ ઠકકરનું રહ્યું હતું. નિર્ણાયકો દ્વારા તેને પ્રથમ નંબર આપવામાં આવ્યો હતો. દ્વિતીય નંબર માઉન્ટ કાર્મેલના ધૃવિત સોનીને તથા તૃતીય નંબર એમ.બી. પટેલ સ્કૂલના પંકિત પ્રજાપતિને મળ્યો હતો. વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ અને સર્ટિફીકેટ આપી સન્માનીત કરવામાં આવ્યા હતાં. સમગ્ર કાર્યક્રમમાં ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ ગાંધીનગરના ભૂપેન્દ્રભાઈ પટેલ, ડી.કે. ચૌધરી અને નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી અનિલભાઈ પટેલ, જી.પી.સી.બી.ના નિવૃત્ત જનસંપર્ક અધિકારી નરેશભાઈ ઠાકર ઉપસ્થિત રહ્યા હતાં અને પ્રાસંગિક વકતવ્ય આપ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા કો. ઓર્ડિનેટર હાર્દિક મકવાણા, હાર્દિક ભટ્ટ અને શિવાંગ પટેલે ભારે જહેમત ઉઠાવી હતી.

'માતાને હસાવવા તમે શું કરશો' વિષયે લેખન સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરના સેકટર-૨૩માં આવેલી એસ.જી. ઈંગ્લિશ મિડીયમ સ્કૂલમાં ૧૫મી સપ્ટેમ્બર ૨૦૧૨ના રોજ પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીઓ માટે 'માતાને હસાવવા તમે શું કરશો' વિશિષ્ટ લેખન સ્પર્ધા યોજવામાં આવી હતી. શાળાના દરેક વર્ગના દરેક વિદ્યાર્થીએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો અને પોતાની માતાને હસાવવા પોતે કયા કયા નુસખા અપનાવે તે લખ્યું હતું.

શાળાના પૂર્વ પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીઓ માટે તાજેતરમાં 'માતાને હસાવવા તમે શું કરશો' વિશિષ્ટ લેખન સ્પર્ધા યોજવામાં આવી હતી. અંગ્રેજી, હિન્દી કે ગુજરાતી ભાષામાં વિદ્યાર્થીઓએ પોતાની માતા સાથેના હળવાશભર્યા સંબંધને લેખિત સ્વરૂપમાં રજૂ કરવાનાં હતાં. સ્વાભાવિક રીતે માતા અને બાળકનો પ્રેમ ભર્યો સંબંધ ખૂબ જ સંવેદનશીલ હોય છે. ક્યારેક માતા કે બાળકના રીસામણા મનામણાં ચાલતા હોય છે. બાળકની ગેરવર્તણૂકથી નારાજ થયેલી માતાને મનાવવા માટે, હસાવવા માટે બાળક પોતે અનેક પ્રયોજનો કરતો હોય છે તે માટે બાળક કયા પ્રયોજનો, નુસખા અપનાવે છે તે તેણે લખવાનું હતું. ધોરણ ૩ થી ૮ સુધીના બાળકોએ ખૂબ જ સુંદર રીતે પોતાની માતૃ વાત્સલ્યની અભિવ્યકિતને કાગળ પર વ્યકત કરી હતી.

શાળાના આચાર્યા અંજલિબેન ટેકવાનીએ દરેક વિદ્યાર્થીને લેખન સ્પર્ધા પહેલા વિષય આપીને પોતાની મૌલિક શકિતથી તેને અભિવ્યકત કરવા જણાવ્યું હતું.

આજે આપણે પૂર્ણ ભૂતકાળનો અભ્યાસ કરીએ

નકાર રૂપ બનાવવા માટે સહાયક ક્રિયાપદ did પછી not મૂકાય અને ક્રિ.પ.નું મૂળ રૂપ મૂકાય

॥ નવમો મણકો ॥

● પૂર્ણ ભૂતકાળ (Past Perfect Tense)

મિત્રો, આજે આપણે ભૂતકાળનો ત્રીજો પ્રકાર એટલે પૂર્ણ ભૂતકાળનો અભ્યાસ કરીએ. આજે પૂર્ણ ભૂતકાળ (Past Perfect Tense) ના હકાર, નકાર અને પ્રશ્નાર્થના રૂપો શીખ્યા પછી તેના ઉપયોગોને જાણીએ.

To give = આપવું — હકાર રૂપો

Singular	Plural
1. I had given.	We had given.
મેં આપ્યું હતું.	અમે આપ્યું હતું
2. You had given.	You had given.
3. He had given.	They had given.
She had given.	
It had given.	

● નકાર રૂપો

Singular	Plural
1. I had not given.	We had not given.
મેં આપ્યું ન હતું	અમે આપ્યું ન હતું.
2. You had not given.	You had not given.
3. He had not given.	They had not given.
she had not given.	
It had not given	

નોંધ :- આ રૂપો બનાવવા માટે had + ભૂ.કૃ. મૂકાય.

- નકાર રૂપ બનાવવા માટે had પછી not મૂકાય.

● પ્રશ્નાર્થ રૂપો

Singular	Plural
1. Had I given ?	Had We given ?
શું મેં આપ્યું હતું ?	શું અમે આપ્યું હતું ?
2. Had you given ?	Had you given ?
3. Had he given ?	Had you given ?
Had She given ?	
Had If given ?	

નોંધ : અહીં પ્રશ્નાર્થ બનાવા માટે To have નું ભૂ.કા. નું રૂપ had થી વાક્યની શરૂઆત કરીને વાક્યને છેડે પ્રશ્નાર્થ ચિહ્ન મૂકાય.

● પૂર્ણ ભૂતકાળના ઉપયોગો :

- ભૂતકાળમાં કોઈ એક ક્રિયા બને તેની પહેલાં બીજી ક્રિયા પરી થઈ ગઈ હોય તો તે દર્શાવવાં :

e.g : I went to his house. He **had left** ten minutes bofore.

- ભૂતકાળમાં થયેલી બે ક્રિયામાં પ્રથમ પૂર્ણ થઈ ગયેલી ક્રિયા પૂર્ણ ભૂ.કા. અને પાછળથી થયેલી ક્રિયામાં સાદો ભૂ.કા. મૂકાય.

e.g. When a come to your house, you **had taken** your lanch.

અહીં lanch = ભોજન લેવાની ક્રિયા ઘરે જવાની ક્રિયા પહેલાં પૂર્ણ થઈ ચૂકી હતી માટે આ કાળ વપરાય.

- જયારે Reporting Verb ભૂ.કા. માં હોય ત્યારે તેના વાક્યનું Indirect Narration કરતી વખતે ભૂ.કા. વપરાય.

e.g. She Said, "I met him yesterday." She Said that She had met him the day before.

- પૂર્ણ ભૂતકાળનો ઉપયોગ કોઈ ચોક્કસ શરતનું પાલન અપૂર્ણ રહી ગયું હોય તે દર્શાવવા માટે If વાળા શરતદર્શક ઉપવાક્યમાં કરાય.

e.g. It I had worked hard, I Would have got a first class.

(જો મેં સખત મહેનત કરી હોય તો હું પ્રથમ વર્ગ મેળવી શક્યો હોત.)

નોંધ : આમ જો... તો વાળા શરતદર્શી વાક્યમાં પૂર્ણ ભૂતકાળ મૂકાય.

મિત્રો, આજે આપણે પરિચયાત્મક શબ્દોના વિભાગમાં બાળક (Child) વિષયક શબ્દોનો પરિચય મેળવીએ.

બાળક = Child
Escort = ઍસ્કોર્ટ = તેડાગર
Sniveller = સ્નીવેલર = રોતલ બાળક
Chit = ચીટ = નાનું બાળક
Nursling = નર્સલીંગ = ધાવતું બાળક
Cherub = ચીરબ = રૂપાળું બાળક

આવો અંગ્રેજી શીખીએ

- ચેતના ભુચ

કાવ્ય રંગ

અરે રે આ કેવો ગાજ્યો

આગળ ગાજ્યો પાછળ ગાજ્યો
ઉપર ગાજ્યો નીચે ગાજ્યો
પૂરબ ગાજ્યો પશ્ચિમ ગાજ્યો
ઉત્તર ને દખણે ગાજ્યો
વીજળીના ચમકારે ગાજ્યો
પાણીના પરપોટે ગાજ્યો
આકાશના અજવાળે ગાજ્યો
ધરતીના પાતાળે ગાજ્યો
સુતાને જગાડી ગાજ્યો
શેરીએ ગાજ્યો પોળે ગાજ્યો
ગામના પાદરે ગાજ્યો
ગામના સીમાડે ગાજ્યો
પહાડોની ખીણે ગાજ્યો
ગાજ્યો તો એ એવો ગાજ્યો
ગડગડાટ અને કડકડાટ ગાજ્યો
મન મૂકી વરસીને ગાજ્યો
ધરતીની પ્યાસ મિટાવી ગાજ્યો
અષાઢની વીજળીએ ગાજ્યો, શ્રાવણના સરવરીયે ગાજ્યો
ભાદરના ભરપુરે ગાજ્યો
આષોના અજવાળે ગાજ્યા
એવો ગાજ્યો એવો ગાજ્યો
ગંગા જમના તીરે ગાજ્યો
હિમાલયની ગોદમાં ગાજ્યો
નદી નાળા ને વહેણોમાં ગાજ્યો
વાહ્વાહ તું કેવો ગાજ્યો
મારા અંતના ઉંડાણે ગાજ્યો
ગામગામ ને શહેરોમાં ગાજ્યો, મોટામોટા નગરોમાં ગાજ્યો

- હરજીવનભાઈ વાઢેર

વૃક્ષ રૂપે જીવ્યો છું

એક છોડ રૂપે ઉગ્યો ને વટવૃક્ષ થઈ ગયો છું
વેરાનમાં ઉછરીને અડાબીડ વન થઈ ગયો છું
ઋતુઓના મારા સામે સદા અણનમ હું રહ્યો
ક્યારેય પવનની સામે ઝૂકીને નીકળી ગયો છું
શિસ્તપૂર્વક જંગલમાં એક વૃક્ષ થઈને જીવ્યો,
જંગલના નિયમોનો તેથી તાબેદાર થઈ ગયો છું
પંખીને ચણને હાથીને મણ આપ્યા કર્યું જીવનભર
ખુલ્લી કિતાબ જેવું જીવન વનમાં જીવી રહ્યો છું
કાપો મને તો ખબર પડે વલયો કેટલાં છે અંદર
આંધી ને તોફાનોના હું ઘણા ઘાવ સહી ગયો છું
પાકાં મીઠાં ફળો તોડીને ઘણાં વર્ષો સુધી આપ્યાં
છતાં ક્યારેક માતેલા સાંઢની અડફેટે ચડી ગયો છું
જીવનને વન બનાવી એક વૃક્ષ રૂપે જીવ્યો છું
'વન વિહારી' તેથી આજે વનમાં ઘૂમી રહ્યો છું

- નટવર હેડાઉ

પરમતત્ત્વ પરમાત્મા

પરમતત્ત્વને જાણીએ પ્રજ્ઞાથી જે છે પરમ આત્મા
જેમાંથી સર્વ જીવરૂપ આત્મા જન્મ્યા ને છૂટા પડ્યા
તે પરમ શક્તિ, પરમ ચૈતન્ય ને છે પરમ આનંદ
તે બ્રહ્મ, પરમાત્મા, ઈશ્વર ને ભગવાન છે સ્વયં
તેઓ જડત્વરૂપ સત્ ને ચૈતન્યરૂપ ચિદ્ ધર્મ છે
તેઓ આનંદસ્વરૂપ હોઈ નિરાકાર કહેવાય છે
તેઓનું સ્વરૂપ આંદરસ હોઈ તે સાચે સાકાર છે
તેઓ ભૂખ, તરસ કે જન્મ-મરણ રહિત હોઈ નિર્ધમિક છે
પરમાત્મામાં છે છ અલૌકિક ગુણધર્મો નિહિત
ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન તેમજ વૈરાગ્ય
તેથી સધર્મિક કિન્તુ માનવીય ગુણદોષ અભાવે નિર્ગુણ
તેઓ દિવ્ય ગુણ કૃપા સભર હોઈ છે સગુણ
આમ વિરૂદ્ધ ધર્મગુણધારી પરમાર્મા સર્વથી છે સ્વતંત્ર
તેઓ કરવાયોગ્ય, ન કરવાયોગ્ય ને અન્યથી ન કરી શકાય
તે કાર્ય પણ કરે તેવા સર્વશક્તિમાન સર્વસમર્થ છે
તેઓ સૌથી સુંદર, કલ્યાણકારી ને પરમાનંદસ્વરૂપ છે

- સુમંતભાઈ શાહ

જીવન ચિંતન

- લક્ષ્મી વાઘવાણી

જેવી દૃષ્ટિ એવી સૃષ્ટિ

જેવી દૃષ્ટિ એવી સૃષ્ટિ. આ એક સરળ અને સીધી વાત છે. આપણે એ જ જોઈએ છીએ જે આપણે જોવા માગીએ છીએ. કદાચ બધા આ વાત સાથે સંમત નહીં થાય કારણ એક તર્ક એવો પણ છે કે હશે તે જ આંખો જોશે ને ? પણ દર વખતે એવું નથી હોતું.

એક નવું પરણેલું યુગલ હતું. જેમનાં નામ હતાં પ્રણવ અને રશ્મિ. બંનેનાં પ્રેમલગ્ન હતાં. એક જ જગ્યાએ નોકરી હોવાને કારણે ભાડાના ફ્લેટમાં રહેવા ગયા. એમના ઘરનું ડાઈનીંગ ટેબલ બારી પાસે જ પડ્યું હતું પણ બારી ખોલવાનો પૂરતો સમય મળતો નહોતો. હા, દરરોજ બારી પાસે ડાઈનીંગ ટેબલ પર બેસીને સવારનો નાસ્તો કરવાનો સમય ગમે તેમ કરીને કાઢી લેતા હતા. રોજ સવારે નાસ્તો કરતાં રશ્મિની નજર બરાબર તેની સામેના ફ્લેટની બાલ્કનીમાં જતી જ્યાં રોજ સવારમાં કપડાં સુકાતાં હતા. રોજ રશ્મિનો પહેલો સંવાદ હોય કે 'આ તો જો, કેવાં કપડાં ધુએ છે. આ બેનને કપડાં ધોતાંય નથી આવડતું. કેટલાં મેલાં રાખે છે કપડાં.' આ સંવાદ લગભગ રોજ ચાલતો. પ્રણવને આ વાત જરાય નહોતી ગમતી. પણ તે હંમેશા ગમ ખાઈ લેતો.

એવામાં લગભગ વીસેક દિવસો બાદ એક ચમત્કાર થયો હોય તેવું રશ્મિને લાગ્યું. રશ્મિ નાસ્તો કરતાં કરતાં સામેના ફ્લેટ પર નજર પડતાં તરત બોલી ઊઠી, 'પ્રણવ જો તો સામેના ઘરમાં કોઈ નવું રહેવા આવ્યું છે કે શું ? આજે કપડાં કેવાં ચકાચક ધોવાયેલાં છે ?' પ્રણવે કહ્યું, 'મેં શીખવ્યું એને કપડાં ધોતાં.' રશ્મિ આ સાંભળી અવાચક થઈ ગઈ અને ગુસ્સે થઈને બરાડીને બોલી, 'તું ક્યારે ગયો હતો ? અરે હા, આજે હું ઊઠી એ પહેલાં તું ઊઠી ગયો હતો, તો શું ખરેખર સવારમાં ત્યાં ગયો હતો ?' પ્રણવે એને શાંત પાડતાં કહ્યું, 'મારી ભોળી રશ્મિ, તને એવું લાગે છે કે હું ખરેખર આવા કામ માટે બીજે ઘેર છેક જાઉં ? અરે ગાંડી, આ જો આપણી બારી આજે મેં સાફ કરી છે એટલે એમાંથી કપડાં પણ સાફ અને ચોખ્ખા અને સફેદ તેમજ ડાઘ વગરના દેખાય છે. કપડાં તો રોજ સાફ જ ધોવાતા હતા પણ આપણી બારી મેલી, ડાઘવાળી હોઈ મેલાં અને ડાઘવાળાં દેખાતાં હતાં.' રશ્મિ ખરેખર શરમાઈ ગઈ. એને પોતાની ભૂલ સમજાઈ ગઈ.

આ તો એક વાર્તા છે. પણ આ વસ્તુ રાત-દિવસ સમાજમાં બની રહી છે. દરેક જણ બીજાની ભૂલ, બીજાનો વાંક જોવા તત્પર હોય છે. જો એકવાર આપણે પણ આપણી ખામીઓ જોવાનો પ્રયત્ન કરીશું તો એટલી બધી ખામીઓ દેખાશે અને એ ખામીઓ દૂર કરવામાં, સુધારવામાં જ આખું આયખું વ્યતિત થઈ જશે જેથી બીજાની ખામીઓ, ભૂલો કે અવગુણો જોવાનો સમય જ નહીં મળે, માટે જ કહ્યું છે ને 'બુરા જો દેખન મૈં ચલા, બૂરા ન મિલિયા કોય, જો દિલ ખોજા આપના, મુજસે બૂરા ન કોય, કબીરા મુજસે બૂરા ન કોયે.'